**–: નમુનોઃ અ :–**

सत्यमेव जयते

દાખલ તારીખ: ૦૭/૦૯/૨૦૧૮

રજીસ્ટરે લીધા તારીખ: ૦૭/૦૯/૨૦૧૮

ફેંસલ તારીખ:૦૬/૦૫/૨૦૨૬

સમયગાળો: ૭ વર્ષ ૭ માસ ૨૯ દિવસ

**વિરમગામનાં મહે. એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની અદાલતમાં, મુ.વિરમગામ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૧૫૭૯/૧૮**

**આંક–૩૧**

| **ગુનાની વિગત** | |
|---|---|
| ગુનાની કલમ | પ્રોહીબીશનની કલમ– ૬૫ બી, સી, ઈ, એફ |
| પ્રથમ માહીતી અહેવાલ નં. | થર્ડ ગુના રજી. નં. ૦૦૬૧/૨૦૧૮ |
| પોલીસ સ્ટેશનઃ | વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષઃ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફેઃ | વિ.એ.પી.પી.શ્રી એમ.એ.ઘાસુરા |
| આરોપીઃ | **(૧) વિષ્ણુ ઉર્ફે ઈશો નારાયણ ઠાકોર<br>(૨) કેશાજી ઉર્ફે કેશો વજુજી ઠાકોર** |
| આરોપી તરફેઃ | વિ.વ.શ્રી કે.આર.પંડયા |

**– ::: નમુનોઃ બ :::–**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૫/૦૬/૨૦૧૮ |
| પ્રથમ માહીતી અહેવાલ ની તારીખ | ૧૫/૦૬/૨૦૧૮ |
| ચાર્જશીટની તારીખ | ૦૭/૦૯/૨૦૧૮ |
| તહોમતનામુ/ પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૬/૦૫/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૧૯/૦૮/૨૦૨૫ |
| ચૂકાદો મુલતવી રાખ્યાની તારીખ | ૦૬/૦૫/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૦૬/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | – |

**<u>આરોપીની વિગતઃ</u>**

| ક્રમ | આરોપીનુ નામ | ઘરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | ક્યાં ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસુરવાર | શું સજા કરી? | સુનાવણી દરમિયાન અટકાયત નો સમયગાળો ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **વિષ્ણુ ઉર્ફે ઈશો નારાયણ ઠાકોર** | ૧૫/૦૬/ ૨૦૧૮ | ૨૧/૦૬ /૨૦૧૮ | પ્રોહીબ ીશન ની કલમ– ૬૫ બી, સી, ઈ, એફ | નિર્દોષ | – | – |
| ૨ | **કેશાજી ઉર્ફે કેશો વજુજી ઠાકોર** | ૧૫/૦૬/ ૨૦૧૮ | ૨૧/૦૬ /૨૦૧૮ | પ્રોહીબ ીશન ની કલમ– ૬૫ બી, સી, ઈ, એફ | નિર્દોષ | – | – |

**– ::: નમુનોઃ ક :::–**

**– ::: સાહેદોનુ લિસ્ટ :::–**

**અ. ફરીયાદપક્ષ તરફે સાહેદોઃ**

| ક્રમ. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૯ | દિગ્વીજયસિંહ અજુભાઇ | ફરીયાદી |
| ૨ | ૨૧ | ગીરીરાજસિંહ દીલીપસિંહ | ત.ક.અ |
| ૩ | ૨૨ | મનજીભાઇ પોપટભાઇ | પંચસાહેદ |
| ૪ | ૨૪ | ઈશ્વરભાઇ શંકરજી | પંચસાહેદ |

**–:: દસ્તાવેજી પુરાવાનુ લિસ્ટ::–**

**<u>બ. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજ</u>**

| ક્રમ. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૨૦ | ફરીયાદ |
| ૨. | ૨૩ | પંચનામુ |

## JUDGMENT

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ પોતાના કબજા ભોગવટામા ગે.કા. રીતે અને વગર પાસ પરમીટે દેશી દારુ ગાળવાની ભઠ્ઠી ચાલુ કરી દેશી દારુ ગાળવાનો વોશ લી. ૧૦૦, કિ. રૂા. ૨૦૦/– તથા દેશી દારુ લી– ૦૫, કિં.રૂા. ૧૦૦/– તથા ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂા. ૫૦૦/– નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન પકડાઇ જઈ ગુનો કરેલ છે. જે મતલબની ફરીયાદ આ કામના ફરીયાદીએ પોલીસમાં ફરીયાદ આપતાં સદરહુ વિરમગામ ટાઉન –પો.સ્ટે. થર્ડ ગુના રજી. નં. ૦૦૬૧/૨૦૧૮ થી પ્રોહીબીશન એકટની કલમ–૬૫ બી,સી, ઈ, એફ મુજબનાં ગુનાની નોંધ કરી, ત.ક.અમલદાર દવારા ગુનાની તપાસ કરતાં જરૂરી પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધી આરોપી સામે પુરતો પુરાવો મળતાં અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપી સામે ચાર્જશીટ રજુ થતાં આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ આરોપી સમન્સ કારવામા આવેલ, પ્રોસેસ આધારે આરોપી અદાલતમા ઉપસ્થિત થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૧૭૩ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિનાં મુલ્યે આરોપીને આપવામાં આવેલ તથા તે અંગે ખાત્રી કરવામાં આવેલ. ત્યારબાદ આંક–૨૮ થી તહોમતનામુ તથા આરોપીની પ્લી આંક–૨૯ થી રેકર્ડ કરવામાં આવેલ. જેમા આરોપીએ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરેલ છે, જે નોંધી લઈ કામ ફરીયાદ પક્ષનો પુરાવો રજુ થવા પર રાખવામાં આવેલ.

(૩) સદર કામે ફરીયા દપક્ષે તેઓના કેસના સમર્થનમાં ઉપરોકત જણાવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રીનાઓએ વધુ સાહેદો તપાસવાની જરૂરીયાત ન હોય તેવુ જણાવતા, ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતા સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ મુજબ આરોપી નં.–૨ નું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપી નં.૧ વિરૂધ્ધ સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હોય સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ મુજબ વિશેષ નીવેદન નોંધવામા આવેલ નથી.

(૫) ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ. વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવા ધ્યાને લેતાં આ કેસનાં નિર્ણય સારૂ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ પોતાના કબજા ભોગવટામા ગે.કા. રીતે અને વગર પાસ પરમીટે દેશી દારુ ગાળવાની ભઠ્ઠી ચાલુ કરી દેશી દારુ ગાળવાનો વોશ લી. ૧૦૦, કિ. રૂા. ૨૦૦/– તથા દેશી દારુ લી–૦૫, કિં.રૂા. ૧૦૦/– તથા ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂા. ૫૦૦/– નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન પકડાઇ જઈ, પ્રોહીબીશન એકટની કલમ–૬૫ બી, સી, ઈ, એફ મુજબ નો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દા અંગે આ કોર્ટનો ન્યાયીક નિર્ણય નીચે મુજબ છેઃ–

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નિર્ણય પરત્વેના કોર્ટના કારણો નીચે મુજબ છે.

**–: કારણો : –**

**મુદ્દા નંબર :– ૧**

(૮) હવે પુરાવાના કાયદા અનુસાર તહોમત પુરવાર કરવાનો ભાર ફરીયાદ

પક્ષ ઉપર રહેલ છે. જેથી ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકારહિત પુરવાર કરવાનો રહે છે. આમ કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે.

ઉપરોકત વિગતે હાલનાં કેસમાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો ફરીયાદપક્ષે મુદ્દામાલ કબજે લીધાના પંચનામાનાં **પંચ સાહેદ મનજીભાઇ પોપટભાઇને આંક–૨૨ થી** તથા બીજા **પંચ ઈશ્વરભાઇ શંકરજીને આંક–૨૪ થી** તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદો તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેઓને એક લખેલા તૈયાર લખેલા પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી. તેમા શુ લખેલ તેની તેમને ખબર નથી. તેઓને આંક–૨૩ થી રજુ થયેલ પં. ચનામું બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. પોલીસે તેમની હાજરીમાં વિગતવારનું પંચનામું પંચનામામાં લખ્યા પ્રમાણે તેમની રુબરુમા કરેલ હોવાનુ બનેલ નથી અને તેઓ આરોપીને ઓળખતા નથી અને પોલીસે તેમની હાજરીમાં આરોપી પાસેથી કોઈ મુદામાલ કબજે લીધેલ. હોય તેવુ બનેલ નથી. આમ, સદર પંચ સાહેદો પંચનામાને સમર્થન કરતો માખિક પુરાવો આપતા ન –હોય, વિવાન એ.પી.પી.શ્રી દવારા તેઓને ફરી ગયેલા સાક્ષી જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી માંગતા, અદાલત ધ્વારા તેવી પરવાનગી આપવામાં આવેલ, જે બાદ વિદ્વાન એ.પી.પી. શ્રી દ્વ્રારા સદર પંચ સાહેદની વિસ્તારપૂર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ તેમ છતાં સદર પંચ સાહેદ ફરીયાદ પસનાં કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

સદરહુ પંચસાહેદ ફરીયાદપક્ષની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય એપીપીશ્રીની મૌખિક વિંનંતીથી ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસની પરવનાગી આપતા ઉલટતપાસમા પણ ફરીયાદપક્ષને સમર્થન આપેલ નથી.

આરોપી નં.૧ વિરૂધ્ધ સામે સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ મુજબની કાર્યવાહી થયેલ હોય તેના તરફે ઉલટ તપાસ નથી.

સદર પંચસાહેદોની આરોપી નં.–૨ તરફે વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમા એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ બીજુ કંઇ જાણતા નથી.

આમ, આ પંચ સાહેદો તેમની હાજરીમાં બનાવવાળી જગ્યાએથી કોઈ મુદામાલ પોલીસે કબજે કરેલ હોય તેવી કોઈ જ હકીકતને સમર્થન આપતા નથી, જેથી ફરીયાદ પક્ષે રજુ થયેલ આંક–૨૩ વાળું પંચનામું પુરવાર થતું નથી.

(૯) ફરીયાદપક્ષે **ફરીયાદી દિગ્વીજયસિંહ અજુભાઈને આંક-૧૯ થી** રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં તેઓ જણાવે છે કે, સને ૨૦૧૮ માં તા. ૧૫/૦૬/૧૮ ના રોજ તેઓ પોલીસ સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તાર માં પેટ્રોલીંગ હતા ત્યારે તેમને ખાનગી રાહે બાતમી મળેલ કે સાકરીયા ગામે રહેતા કેશાજી વધુજી ઠાકોર સાકરીયા ગામની સીમમા આવેલ બાવળની ઝાડીમા દેશી દારુ ગાળવાની ભઠી ચલાવે છે, જે હકીકત આધારે નજીકમાંથી બે પંચો બોલાવી હકીકતથી વાકેફ કરી પંચો સાથે સદર બાતમી હકીકતવાળી જગ્યા રેઈડ કરતા બે ઈસમ બાવળની ઝાડીમા ઉભા ઉભા કઈક હલાવતા જોવા મળેલ અને પોલીસે બંને ને ઉભુ રહેવાનુ જણાવેલ અને નામઠામ પુછતા તે બંનેએ પોતાના નામ જણાવેલ. સદર જગ્યાની તપાસ કરતા જમીનમા ચુલો બનાવી તેના ઉપર લોખંડના પતરાનુ પી પમુકી એન તેના ઉપર એલ્યુમીનીયમનુ તગારુ મુકી પાણી ભરેલુ હતુ અને ચુલામાં લાકડા સળગતા હતા અને કેરબામાંથી દેશી દારુ ગાળવાનો વોશ લીટર ૧૦૦ તથા દેશી દારુ લીટર ૦૫ લીટર અને ભઠીના સાધનો તપાસ અર્થે કબજે કરેલ, કબજે લીધેલ દેશી દારુ અને વોશ માંથી ૨૦૦ મીલી કેમીકલ સેમ્પલ અર્થે કાચની શીશીમા લીધેલ અને પ્લાસ્ટીકના પીપ અને વોશ બીનઉપયોગી હોય ઢોળી નાખી નાશ કરેલ અને બનાવ અંગેની ફરીયાદ આપેલ અને એફ.આઈ.આર.મા તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે.

આરોપી નં.૧ વિરૂધ્ધ સામે સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ મુજબની કાર્યવાહી થયેલ હોય તેના તરફે ઉલટ તપાસ નથી.

ત્યારબાદ બચાવપક્ષે આરોપી નં.૨ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદી એ હકીકત કબુલ રાખે છે કે, જયારે રેડ કરેલ તે વિસ્તારવાળાના કે આજુબાજુવાળાના કોઇ નિવેદન લીધેલ નથી. કયાં વાહનમાં પેટ્રોલીંગમા હતા તે વાહનનો નંબર જાહેર કરેલ નથી. આ કામે પોલીસના સાહેદો સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. ગુનાવાળી જગ્યાની માલીકી આધાર કે કબજાનો કોઇ દસ્તાવેજી પુરાવો તપાસ દરમ્યાન કબજે કરેલ નથી.ગુનાવાળી જગ્યાની આજુબાજુ ઘણા ખેતરો આવેલા છે.

આમ, ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા, તેઓ રેઈડમા સામેલ હતા અને તેઓ ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપે છે. વધુમાં આ બનાવ અંગેની શ્રી સરકાર તરફે ફરીયાદ તેમણે આપેલી, પરંતુ આ કામે તપાસવામાં આવેલા પંચ સાહેદો તેઓની હાજરીમાં બનાવવાળી જગ્યા પાસેથી કોઈ મુદ્દામાલ કબજે લેવામાં આવેલ હોય તેવું બનેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને પોલીસે લખેલ તૈયાર પંચનામામાં સહી કરાવેલી તેમ જણાવેલ છે. વળી ગુનાવાળી જગ્યા જાહેર ખુલ્લી જગ્યા છે. જયાં કોઇ આસાનીથી થઇ શકે છે. પેટ્રોલીંગમા કટેલા સમયે હતા તે ચોકકસ સમય ફરીયાદ કે સાહેદોના નીવેદનમા જણાવેલ નથી.

રેઈડ કરવા કયા વાહનમા સરકારી કે ખાનગી વાહનમાં ગયેલ તે ફરીયાદમા જણાવેલ નહી. વળી જે જગ્યાએથી મુદામાલ મળી આવેલ તે જગ્યા જાહેર જગ્યા છે કે કોની માલીકીની છે તેનો ઉલ્લેખ ફરીયાદ કે સાહેદોના નીવેદનમા જણાવેલ નથી કે માલીકીના કોઈ આધાર પુરાવા તપાસના કામે રજુ કરેલ નથી. વધુમાં કબજે લેવામાં આવેલ મુદામાલ પ્રવાહી વીદેશી દારુ છે કે કેમ તે અંગે કોઈ અધિકૃત કંપનીના અધીકારીને તપાસેલ નથી કે નીવેદન લેવામા આવેલ નથી.આમ સદર ફરીયાદીની જુબાનીથી આરોપી ઉપર ફરમાવેલ તહોમત નિ:શંકપણે પુરવાર થતું નથી.

(૧૦) ફરીયાદ પક્ષે સદર ગુનાની તપાસ કરનાર **અમલદાર ગીરીરાજસિંહ દીલીપસિંહ નો આંક–૨૧** થી પુરાવો રજુ થયેલ છે. સદર ત.ક.અ.શ્રી તેઓની કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૧૫/૦૬/૧૮ ના રોજ તેઓ પોલીસ સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તાર માં પેટ્રોલીગમા હતા ત્યારે તેમને ખાનગી રાહે બાતમી મળેલ કે સાકરીયા ગામે રહેતા કેશાજી વધુજી ઠાકોર સાકરીયા ગામની સીમમા આવેલ બાવળની ઝાડીમા દેશી દારુ ગાળવાની ભઠી ચલાવે છે. જે હકીકત આધારે નજીકમાંથી બે પંચો બોલાવી હકીકતથી વાકેફ કરી પંચો સાથે સદર બાતમી હકીકતવાળી જગ્યા રેઈડ કરતા એક ઈસમ બાવળની ઝાડીમા ઉભા ઉભા કઈક હલાવતા જોવા મળેલ અને પોલીસે બંને ને ઉભુ રહેવાનુ જણાવેલ અને નામઠામ પુછતા તે બંનેએ પોતાના નામ જણાવેલ. , સુંદર જગ્યાની તપાસ કરતા એક કેરબામાંથી દેશી દારુ ગાળવાનો પોશ લીટર ૧૦૦ તથા દેશી દારૂ લીટર ૦૫ લીટર મળી આવેલ જે બાબતે પંચનામું કરવામાં આવેલ સદર ગુનો રજીસ્ટર લઈ તપાસ તેમની તરફ મોકલતા તેઓએ તપાસ સંભાળેલ અને ગુનાના કામે દરુ તથા વોશના સેમ્પલ તપાસ અર્થે કબજે લઈ એફ.એસ.એલ.માં મોકલી આપેલ અને તપાસના કામે લાગતા વળગતાં સાહેદોના નિવેદનો લીધેલાં અને પંચનામુ કરેલ અને આરોપીને ધોરણ સર અટક કરેલ. તપાસના અંતે આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ તેમજ તેઓ તમો આરોપીને ઓળખે છે.

આરોપી નં.૧ વિરૂધ્ધ સામે સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ મુજબની કાર્યવાહી થયેલ હોય તેના તરફે ઉલટ તપાસ નથી.

સદર ત.ક.અ.શ્રીની આરોપીના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા ઉલટતપાસ લેવામાં આવેલ છે. તેમાં સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. જયાં રેડ કરેલ તે વિસ્તારવાળાના કે આજુબાજુવાળાના કોઈ નિવેદન લીધેલ નથી. કયાં વાહનમાં પેટ્રોલીંગમા હતા તે વાહનનો નંબર જાહેર કરેલ નથી. આ કામે પોલીસના સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. ગુનાવાળી જગ્યાની માલીકી આધાર કે કબજાનો કોઈ

દસ્તાવેજી પુરાવો તપાસ દરમ્યાન કબજે કરેલ નથી.ગુનાવાળી જગ્યાની આજુબાજુ ઘણા ખેતરો આવેલા છે.

આમ, ત.ક.અ.શ્રીનો પુરાવો ધ્યાને લેતા, સદર ગુનાનાં કામે તપાસ મળતા, તપાસ દરમ્યાન કરેલી કાર્યવાહીનો પુરાવો આપે છે, પરંતુ આ કામે તપાસેલ પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી જેથી પંચોની હાજરીમાં મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવાની હકીકતને પંચોના પુરાવાથી સમર્થન મળતુ નથી. આ કામે તપાસેલ પંચ સાહેદો તટસ્થ સાહેદો છે તેમ છતા તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. ત.ક.અ.શ્રી નાઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. જે હકીકત ધ્યાને લેતા આ કામે પોલીસ સાહેદોના પુરાવાને જયાં સુધી સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી માત્ર પોલીસ સાહેદના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. વળી જે જગ્યાએથી મુદામાલ મળી આવેલ તે જગ્યા જાહેર જગ્યા છે કે કોની માલીકીની છે તેનો ઉલ્લેખ ફરીયાદ કે સાહેદોના નીવેદનમા જણાવેલ નથી કે માલીકીના કોઈ આધાર પુરાવા તપાસના કામે રજુ કરેલ નથી. વધુમાં કબજે લેવામાં આવેલ મુદામાલ પ્રવાહી વીદેશી દારુ છે કે કેમ તે અંગે કોઈ અધિકૃત કંપનીના અધીકારીને તપાસેલ નથી કે નીવેદન લેવામા આવેલ નથી. જે સંજોગોમાં ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન થાય છે.

(૧૧) ઉપરોક્ત તમામ સંજોગોમાં, રેકર્ડ પરની હકીકતો તથા રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેવામાં આવેતો, હાલના કેસના પંચ સાહેદો કે જેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતને તેમજ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય જેથી તે હાલના કેસને મદદરૂપ નથી. તેમજ ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર તેમની ફરીયાદ હકીકત તથા તપાસને અનુરુપ પુરાવો આપે છે. પરંતુ ખરેખર આ પંચનામાંની હકીકત મુજબ પંચોની હાજરીમાં મુદ્દામાલ કબજે થયેલ હતો કે નહિ એ માત્ર ત.ક.અ.એ જણાવેલ જુબાની ઉપરથી પુરવાર થતુ ન હોય તે હકીકત શંકાસ્પદ બને છે. વધુમાં આરોપીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાંથી હાલનો મુદામાલ મળી આવેલ નથી. આમ, ફરીયાદપક્ષ તેમનો કેસ નિષ્પક્ષ રીતે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. આ કામે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં આ મુદ્દામાલ આરોપીના કબજામાં હતો કે કેમ ? તે હકીકત ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીએ જ સદર ગનો કરેલ હોય તેવું પુરવાર થતુ નથી.

વધુમાં, ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાય શાસ્ત્રના સિંધ્ધાતો પ્રમાણે ફરીયાદપક્ષનો કેસ આરોપી વિરુધ્ધ નિંશકપણે પુરવાર કરવાનો હોય છે તથા વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં

આપવાનો હોય છે. હાથ ઉપરના કેસમાં પડેલ પુરાવો જોતાં ફરીયાદપણનો કેસ વ્યાજબી શંકાથી પર કેસ પુરવાર થયેલ નથી. જેથી ઉપરોકત કરેલ ચર્ચાના કારણો મુજબ સદર કામના આરોપીને તકસીરવાન ઠરાવવાનું ન્યાયોચિત જણાતું નથી. આ પ્રસ્થાપિત સિંધ્ધાત મુજબ નામદાર સર્વોચ્ચ અદાલતે **"કૈલાસ ગોર વિરુધ્ધ સ્ટેટ ઓફ આસામ" એ. આઈ. આર. ૨૦૧૨ એસ. સી. પાના નં. ૭૮૬** ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ છે તે સિંધ્ધાતો જોતાં તેના પેરા–૨૮ માં ઠરાવેલ છે કે, "It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have commined the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Ant. v. State of M.P. (2004) 10 SCC 699: (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Orx. (2011) 2 SCC 83: (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India"

આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતાં ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ બી.સી.ઈ,એફ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તેવા સંજોગોમાં ફરિયાદપણ આરોપી સામેના આક્ષેપયુકત અપરાધને શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. આથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે તથા મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી **(૧) વિષ્ણુ ઉર્ફે ઇશો નારાયણ ઠાકોર (૨) કેશાજી ઉર્ફે કેશો વજુજી ઠાકોર રહે. સાંકરીયા તા. વિરમગામ જી. અમદાવાદ** નાઓને તેઓની વિરુધ્ધનાં ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૫ બી. સી.ઈ.એફ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યા બાદ મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી નં.૨ ના સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) મુજબનાં અપીલ અદાલત સમક્ષ હાજર રહેવાની ખાત્રી આપતા રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાતમુચરકા તથા જામીન રજુ રાખવા.આરોપી નં. ૧ ના અગાઉના જાતમુચરકા તથા જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ : ૦૬ મી, માહે: મે , સને : ૨૦૨૬ નાં ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વિરમગામ.
તા.૦૬/૦૫/૨૦૨૬

(કીર્તિ શર્મા)
એડી. જ્યુડી. મેજી. ફ.ક.,
વિરમગામ.
Code No. GJ01721